ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગર ઠંડીમાં થથરે છે : શીતલહેર યથાવત

ગાંધીનગર, તા. ૩

કોલ્ડવેવની ભારે અસર ગાંધીનગર પર થઈ છે. આજે આખો દિવસ ઠંડા પવનો ફૂંકાયા બાદ સાંજે જાણે જનજીવન થીજી ગયું હોય તેમ આખુ શહેર સુમસામ થઈ ગયું હતું. આજે મહત્તમ તાપમાન ૨૫.૮ ડિ.સે. જેટલું નીચુ નોંધાતા રાત્રે રેકોર્ડબ્રેક ઠંડી પડે તેવી આગાહી છે.

હવામાનશાસ્ત્રીઓએ કરેલી આગાહી મુજબ સમગ્ર ઉત્તર ગુજરાતમાં કોલ્ડવેવની ભારે અસર થઈ છે. આજે આખો દિવસ ઠંડા પવનો ફૂંકાયા હતા. સૂર્યના કિરણો પણ ગરમીનો અહેસાસ કરાવી શક્યા ન હતા. બપોર ઢળ્યા પછી તો પવનની ગતિ તેજ બની હતી અને વાતાવરણમાં ધીમે ધીમે ઠંડક ફેલાવવા લાગી હતી. સૂર્યાસ્ત પછી તો એકદમ ઠાર પડવા માંડતા વસાહતીઓ ઘરમાં પુરાવવા લાગ્યા હતા. માર્ગો પર જે અવરજવર હતી તે પાંખી થવા લાગી હતી. વાહનચાલકો અને રાહદારીઓ પણ ગરમવસ્ત્રોના બે-ત્રણ પડોમાં વિંટળાઈને જતા નજરે પડતા હતા. તાપણું કરી ઠંડી દૂર કરવાનો પ્રયત્ન રીક્ષાચાલકો, લારી-ગલ્લાધારકોએ કર્યો હતો. ખુલ્લામાં રહેતા શ્રમજીવીઓની હાલત ઠંડીમાં કફોડી બની હતી. ઠંડીથી રક્ષણ આપી શકે તેવા આશરાની શોધમાં શ્રમજીવી પરિવારો જોતરાયા હતા.

રાત્રે આઠ વાગે તો સોપો પડી ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

# ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભામાં વિકાસ માટે તંત્રને ઉદાસીનતા છોડવા આગ્રહ

## કોંગી સભ્યોએ તંત્રના ઉદાસીન વલણની આકરી ઝાટકણી કાઢી લોકોના પ્રશ્નો ઉકેલવા રજુઆત કરી

ગાંધીનગર, તા.૩

સ્નેહ અને કચવાટની લાગણીઓ વચ્ચે આજે ગાંધીનગર તાલુકા પંચાયતની અંતિમ સામાન્ય સભામાં વિકાસ અંગે સર્વ સભ્યોએ ઉગ્ર લાગણીઓ વ્યકત કરી તંત્રને વધુ લોકાભિમુખ બનવા અનુરોધ કર્યો હતો.

તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પોપટભાઈ પટેલના અધ્યક્ષપદે મળેલ આજની આ સામાન્ય સભામાં સભાના અંતે શ્રી પટેલે પોતાને આપેલ સહકાર માટે સભ્યો પ્રત્યે આભાર વ્યકત કર્યો ત્યારે સભામાં સભ્યોમાં સ્નેહની લાગણી પ્રસરી જવા પામી હતી.

સભાના પ્રારંભે જ કોંગ્રેસી સભ્યોએ આજે આક્રમક રૂપ અપનાવ્યું હતું. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં લગાવવામાં આવેલ સોલાર લાઈટોના મરામતમાં તંત્રના ઉદાસીન વલણ, સભ્યોને ફાળવવામાં આવેલ આંકડાઓમાં હલકી ગુણવત્તા, પ્રા. શાળાના બાળકો માટેના વોટરકુલર પુરા પાડવામાં ઉદાસીન વલણ, ૦ થી ૧૬ના લાભાર્થીઓને સનદ નહિ મળવા બાબત તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વધતા જતા દબાણના મુદ્દે સભ્યોએ રોષની લાગણી વ્યકત કરી હતી.

તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ડૉ.કૌશિક શાહે વણથંભી વિકાસ યાત્રાની ગ્રાન્ટનો મુદ્દો રજુ કરી સન્માનિત પંચાયતના પદાધિકારીઓને શાલો પણ નહિ પહોંચી હોવાનું જણાવ્યું હતું. ડૉ. શાહે લેન્ડ કમિટીનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષથી બેઠક મળી નથી એ દુઃખદ છે એટલું જ નહિ પણ આ બેઠક નહિ મળવાને કારણે ગરીબોને પ્લોટોની ફાળવણી થઈ શકી નથી.

ડૉ. શાહે સ્વભંડોળમાંથી સૂચવાયેલા વિકાસ કામોને મંજૂરી

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત ઉભા કરાયેલા એકઝીબીશન હોલમાં આગ

## સદ્ભાગ્યે કોઈ મોટું નુકશાન કે જાનહાની નહિ : ૨૦ મિનિટમાં આગને કાબુમાં લઈ લેવાઈ : હોલના પડદા સળગી ગયા : ઉચ્ચ અધિકારીઓ દોડતા થયા : આગનું ચોકકસ કારણ બહાર લાવવા એફ.એસ.એલ. બોલાવાઈ

(તસવીર : વિપુલ ચૌહાણ)



ગાંધીનગર, તા.૩

વાઈબ્રન્ટ ગુજરાત સમિટના થઈ રહેલા ભવ્ય આયોજન અંતર્ગત પાટનગરના હેલીપેડ ગ્રાઉન્ડમાં એકઝીબીશન એરીયા ઉભો થઈ રહ્યો છે. તે પૈકીના એકઝીબીશન હોલ નં. ૧૦માં આજે સવારના સુમારે એકાએક આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. ફાયરબ્રિગેડને જાણ થતાં જ ગાંધીનગર અને અમદાવાદ ફાયરબ્રિગેડની ટીમ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ બીજા એકઝીબીશન હોલને લપેટમાં લઈ લે તે પહેલા જ કાબુમાં લઈ લેવાઈ હતી. ઘટનાની જાણ થતાં જ જિલ્લા કલેકટર, જિલ્લા પોલિસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. સદ્ભાગ્યે આગ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ કે મોટું નુકશાન થવા પામ્યું ન હતું. માત્ર હોલમાં લગાવાયેલા પડદા બળીને ખાખ થઈ ગયા હતાં.



(તસવીર : દિપક જાની)

હેલીપેડ ગ્રાઉન્ડમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટને પગલે તૈયાર કરવામાં આવેલા એકઝીબીશન એરીયામાં આગ ભભુકી ઉઠી હોવાનો કોલ સવારે ૯ વાગ્યે ગાંધીનગર ફાયર બ્રિગેડને મળતા તાત્કાલિક ફાયર ઓફીસર મહેશ મોડ તેમના કાફલા સાથે ફાયર ફાઈટરો લઈને પહોંચી ગયા હતા. તો બીજી તરફ મેગા કાર્યક્રમ વાઈબ્રન્ટના સેટઅપમાં આગના સમાચારથી અમદાવાદ ફાયર બ્રિગેડની ટીમ પણ દોડી આવી હતી. જો કે તે ટીમ પહોંચે તે પહેલા જ ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે એકઝીબીશન હોલ નં. ૧૦માં લાગેલી આગને પાણીનો સતત મારો ચલાવીને ૨૦ જ મિનિટમાં કાબુમાં લઈ લીધી હતી. ૧૩૦x૮૪ એરીયાનાં મોટા એકઝીબીશન હોલમાં લાગેલી આગમાં સદભાગ્યે કોઈ કારીગર કે શ્રમિક ન હોવાથી કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી. આ દુર્ઘટનામાં એકઝીબીશનના પડદા સળગી જવા પામ્યા છે. ફાયર ઓફીસર મહેશ મોડના જણાવ્યા મુજબ આગ લાગવા પાછળનું ચોકકસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કીટથી આગ લાગી હોવાની શકયતા છે. આ ઘટનાની જાણ થતાં સ્થળ પર જિલ્લા કલેકટર, પોલિસ વડા સહિત ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા હતા. પોલીસે આગનું કારણ બહાર લાવવા એફ.એસ.એલ.ની ટીમ બોલાવી લીધી હતી જેના રીપોર્ટ બાદ ચોકકસ કારણ બહાર આવશે.

### આજથી રાઉન્ડ ધ કલોક આઠ ફાયર ફાઈટર તૈનાત રહેશે

ગાંધીનગર, તા.૩

વાઈબ્રન્ટ સમિટ કાર્યક્રમ પહેલા જ એકઝીબીશનના હોલમાં ભભુકી ઉઠેલી આગની ઘટના બાદ હવે તકેદારીના ભાગ રૂપે વાઈબ્રન્ટ સમિટ સંપન્ન થાય ત્યાં સુધી આજથી જ આઠ ફાયર ફાઈટર બંદોબસ્ત માટે તૈનાત કરી દેવામાં આવી છે. ગાંધીનગરની ત્રણ ફાઈટર તથા પાંચ અમદાવાદની ફાયર ફાઈટર મળીને આઠ ફાઈટરને બંદોબસ્તમાં મુકાશે જેમાં ચાર ફાઈટર હેલીપેડ ગ્રાઉન્ડમાં તથા ચાર ફાઈટર મહાત્મા મંદિર ખાતે સ્ટેન્ડ ટુ રહેશે.

# શુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતાના અભાવે કોમન સપ્લાયની યોજના વિલંબમાં પડી

## ચરેડી ખાતે નવીન ટાંકી-પમ્પીંગ સ્ટેશનનું નિર્માણ કરાયા બાદ જૂના સેક્ટરોમાં પાણીનો કોમન સપ્લાય આપવાનું ઘોંચમાં

ગાંધીનગર, તા. ૩

શહેરના જૂના સેક્ટરોમાં પાણી વ્યવસ્થા અપગ્રેડ થયા બાદ કોમન સપ્લાય આપવાની યોજના વિલંબમાં પડી છે. ચરેડી ખાતે નવીન પાણીની ટાંકી તેમજ પમ્પીંગ સ્ટેશનના નિર્માણ પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ પાણી શુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતાના અભાવે કોમન સપ્લાય આપવાના મામલે વિચારણા હાથ ધરવી પડે તેમ છે. ગુજરાત વોટર સપ્લાય દ્વારા તંત્રને પર્યાપ્ત પાણી મળતુ ન હોવાથી કોમન સપ્લાય આપવાની વાત હજુ જલ્દી ઠેકાણે પડતી ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. જો કે આ મામલે ટૂંકમાં ઉચ્ચકક્ષાએ વિચારણા હાથ ધરી નિર્ણય લેવાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

પાટનગરમાં વસતી અને વિકાસને ધ્યાને લઈ પાણીની પોકાર શાંત પાડવા છેલ્લા દોઢ વર્ષથી સમગ્ર પાણી વિતરણ વ્યવસ્થાને અપગ્રેડ

● અનુસંધાન પાન-૭ પર

શ્રેષ્ઠ પર્યાવરણમાં બંગલો ભાડે મળશે

શાંત સલામત સેક્ટર-૨૮માં ૨૫૦ ચો.મી.ના પ્લોટ ૫૭૩/૧ના ગ્રાઉન્ડ ફ્લોર પરનું 2 BHK, સંપૂર્ણ હવા ઉજાસ-સુવિધાવાળું મકાન તુર્તજ ભાડે આપવાનું છે.

સુંદર મઝાના બગીચાની સામે હોઈ પર્યાવરણ પ્રેમીની પ્રથમ પસંદગી

M. 9426181964, Ph : 23224045

આ બંગલાના નિવાસી બનો, દીર્ઘાયુ સ્વસ્થજીવન જીવો







BENELAVE
M.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com